# સાંઘીને ગ્રીનટેક એન્વાયર્નમેન્ટ એક્સેલન્સ'14 એવોર્ડ અપાશે

બિઝનેસ પ્લસ. ભુજ

પશ્ચિમ ભારતમાં મહત્ત્વની સિમેન્ટ કંપનીઓ પૈકીની એક એવી સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ સતત બીજા વર્ષે સિમેન્ટક્ષેત્રે ગોલ્ડ કેટેગરીમાં એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ તથા પ્રદૂષણ નિયંત્રણના ક્ષેત્રમાં કંપનીએ મેળવેલી સિદ્ધિ બદલ આ એવોર્ડની જાહેરાત કરી છે.

પર્યાવરણને લગતી કામગીરીમાં નોંધપાત્ર સુધારાના લીધે સળંગ બીજી વખત કંપનીને આ એવોર્ડ એનાયત કરાયો છે, જે કંપનીના રેટિંગમાં વૃદ્ધિ માટે મદદરૂપ થયો છે. આ એવોર્ડ ગુણવત્તાના કડક ધારાધોરણો, વિશ્વસનીયતાનું એક નિરાળું સીમાચિહ્ન છે અને પર્યાવરણ સુરક્ષાની વ્યવહારિક રીતોને સન્માનિત કરે છે. આ એવોર્ડ વિશે પ્રતિક્રિયા આપતા સાંઘી ઈન્ડસ્ટ્રિઝ લિ.ના ડિરેક્ટર આદિત્ય સાંઘીએ જણાવ્યું હતું કે, પર્યાવરણને લગતી જવાબદારીઓના તમામ સકારાત્મક પાસાઓના ક્ષેત્રમાં અપવાદરૂપ લક્ષ્યાંકોને માન્યતા પ્રદાન કરવા, સન્માનિત કરવા તથા પ્રોત્સાહન આપવા માટે આ એવોર્ડ આપવામાં આવે છે. એવોર્ડ પર્યાવરણ વ્યવસ્થાપન માટેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. કંપનીમાં પર્યાવરણ તથા સામાજિક ક્ષેત્રની લગતી ગતિવિધિ નિયમોના પાલન સુધી સીમિત રહી નથી, કંપનીનો પ્રારંભ થયો ત્યારથી સાંઘીની ફિલોસોફિનો એક અભિન્ન હિસ્સો બનીને રહી છે.